
# 22. કિસ્સા - ટુચકા



**સ્વામી આનંદ**

**જન્મ : 1887, અવસાન : 1976**

સ્વામી આનંદનું મૂળ નામ હિંમતલાલ રામચંદ્ર દવે હતું. તેમનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી પાસેના શિયાણી ગામમાં થયો હતો. તેઓ નાનપણથી ઘર છોડીને સંન્યાસી થયા હતા અને સમગ્ર ભારતમાં ખૂબ ભમ્યા હતા. ગાંધીજીના સંપર્કમાં આવતાં, રાષ્ટ્રીય રંગે રંગાઈને તેઓ 'નવજીવન'ની પ્રકાશન-પ્રવૃત્તિમાં ગાંધીજી સાથે જોડાયા હતા.

તેમણે 'સંતોના અનુજ', 'કુળકથાઓ', 'નઘરોળ', 'નવલાં દર્શન' જેવાં પુસ્તકોમાં અનોખાં પાત્રો-પ્રસંગો આલેખ્યાં છે; જેમાંના ઉત્તમ લેખો 'ધરતીની આરતી'માં સંગ્રહાયા છે.

ટૅક્સ ન આપવો પડે તેવો ગાડાવાળાનો પ્રયત્ન કેમ નિષ્ફળ ગયો; પાડાનું અંગ્રેજી 'ભેંસનો વર', ટુ કપ ટી (બે કપ ચા) શબ્દોથી થતી રમૂજ, પહાડ પર ખાટલો કેમ ઢળાતો હશે તેની મૂંઝવણ અને પહાડી બૅંકના મેનેજરની ગેરસમજણ : આ કિસ્સાઓ આપણને રમૂજ પ્રેરે છે. આ કિસ્સાઓ મૂળે સ્વામી આનંદ લિખિત પણ દિનકર જોશી સંપાદિત 'આંબાવાડિયું'માંથી લેવામાં આવ્યા છે. સાથે આપેલા પાંચ ટુચકાઓ માનવજીવનમાં હાસ્યના સ્થાનને તથા રોજિંદા જીવનમાંથી પ્રગટતા હાસ્યને રજૂ કરે છે. આ ટુચકાઓ લોકોમાં પ્રચલિત છે.

## 1. કિસ્સા

### 1. ટોલછાપરીએ જ સવાર પડ્યું

એક ગામડિયાને છાપરું છાવા વાંસ જોઈએ. જંગલ નજીક, પણ ટોલનાકાવાળો બે આના ટૅક્સ લે તે આપવા બાપડા પાસે ન મળે.



એક દિવસ વહેલી સવારે બેલગાડી જોડીને છાનોમાનો જંગલમાં પેસી ગયો. આખો દિવસ વાંસ કાપ્યા, ગાડું લાધું ને સૂરજ આથમીને અંધારું થયું ત્યારે ઘર ભણી વળ્યો. મનમાં એમ કે આડા રસ્તે ફેરો ખાઈને ટોલનાકાની છાપરીથી દૂર રહીને નીકળી જાઉં ને ઘેર પહોંચું.

આખો દિવસ વાંસ કાપેલાનો થાક ને રાત પડી તેનો ઠંડો પહોર. હાંકતાં - હાંકતાં ગાડાવાળાને ઊંઘ આવી ગઈ. લાદેલા વાંસ પર લંબાવીને સૂતો.

બળદોએ જંગલની ઘરેડોમાં રાત આખી ચકરાવા લઈ ચાલ્યા કીધું સવાર પડી ને મોંસૂઝણું થયું ત્યાં બરાબર ટોલની છાપરી સામે આવીને ઊભા રહ્યા.ગાડીવાન જાગ્યો. ટોલવાળો નાકાદાર ઊઠીને દાતણ કરવા બેઠો હતો. ગાડું જોતાં જ કહે 'લાવ બે આના !'

## 2. 'ભેંસનો વર મરી ગયો'

બાપુજીના વહાલા સેક્રેટરી સ્વ. મહાદેવભાઈના પિત્રાઈ છોટુભાઈ દેસાઈ પારડીના સ્ટેશન-માસ્તર હતા. એક દિવસ રેલના પાટાની કોરાણે એક પાડો ચાલ્યો જાય. એટલામાં પાછળથી ગાડી આવી પૂગી. પાડો એન્જિન જોડે અથડાઈને કચડાઈ ગયો.




રેલવેનો કાયદો એવો કે જ્યારે કંઈ ઍક્સિડંટ થાય ત્યારે સ્ટેશનમાસ્તરે મોટા ઉપરી અમલદારને તાર કરીને તરત ખબર આપવી જોઈએ. છોટુકાકાએ હાથ નીચેના તારમાસ્તરને તાર કરી દેવા કહ્યું. પેલો કહે, 'પાડાનું અંગ્રેજી શું કરવું ?' છોટુભાઈ કહે, 'પાડો એટલે ભેંસનો વર, બીજું શું વળી ?'

પેલાઓ તાર કર્યો : ONE HUSBAND OF BUFFALO DIED UNDER ENGINE.

મુંબઈના રેલવે અમલદારો વાંચ્યા જ કરે !

## 3. 'તેરા બાપ કપટી'

પહાડી લોક પહાડી સડકોની કોરાણે નાનાં ઝૂંપડાં કરીને ચાની હોટલો કરે ને ઊભાં મોરાદાબાદી પવાલાંમાં જતા-આવતા વટેમાર્ગુઓને ચા વેચે.



આ પહાડી લોકો અગાઉ અંગરેજોથી બહુ ડરતા. પણ આઝાદી આવ્યા પછી એકદમ હિમ્મતવાળા બની ગયા.

એવા એક પહાડીની ચાની દુકાને એક અંગરેજ જઈ ચડ્યો. બાંકડા પર બેસીને કહે, 'ટુ કપ ટી !'

પહાડી દુકાનદાર ગુસ્સે થઈ ગયો કહે, 'એં મી કપટી નેંઈ, તૂં કપટી, તેરા બાપ કપટી, તેરા ભાઈ કપટી, તેરા ચાચા કપટી, તેરા બેટા કપટી; મી કપટી નેંઈ. અબ તો જયહિંદ હો ગયા. અબ કપટી અંગરેજ કી ચલનેવાલી નઈં !!!'

### 4. અજી ! પહાડ પર ચારપાઈ કૈસે લગાતે હૈં ?

એક પહાડી કાશી-જાત્રાએ ગયો. રાંધીખાવા સારું ધરમશાળા નજીક આવેલી વાણિયાની દુકાને દાળચોખા લેવા ગયો. લાલાએ પૂછ્યું. ‘ભાઈ, કહાં કે રહનેવાલે ?’



પહાડી : ‘પહાડ કે.’

લાલો : ‘હેં ? તુમ પહાડ કે રહનેવાલે હો ? પહાડ પર રહતે હો ?’

પહાડી : ‘હાંજી.’

લાલો : ‘અચ્છા ભઈ, યહ તો બતાઓ; પહાડ પર લોગ રહતે તો હૈં, લેકિન સોતે કૈસે હૈં ? પહાડ પર ચારપાઈ કૈસે લગાતે હૈં ?’

લાલાની મૂંઝવણ એમ કે પહાડ તો તંબુ જેવો હોય. તેના છાપરા ઉપર ખાટલો કેમ કરીને ઢાળતા હશે ને લોકો સૂતા કે કરીને હશે ?

પેલો પહાડી લાલાની સામું જોયા જ કરે !

### 5. ‘દરવાઝા બંદ કર’



આલ્મોરામાં પહેલીવહેલી બૅંક નીકળી. બૅંકનો મૅનેજર પહાડી એક અંગરેજને એનો કંઈક ચૅક વટાવવો હશે, તેની વાત કરવા બૅંકના મૅનેજર પાસે ગયો. મૅનેજરે ખુરશી આપી.

અંગરેજે વાત કરવા માંડી :

‘ઢેર વાઝ આ બૅંકર...’ પહાડી મૅનેજર સમજ્યો કે આને પૈસા માટે કંઈક ખાનગી વાત કરવી છે..તેથી બારણાં બંધ કરવાનું કહે છે.

એણે બૅંકના સિપાઈને બૂમ મારીને કહ્યું :

‘ચપરાસી ! દરવાઝા બંદ કર !!’


## 2. ટુચકા

### (1)

‘મનુ ! તેં ત્રણેય કેળાં બાબુની સાથે વહેંચીને ખાધાં હતાં ને ?’

‘મમ્મી ! ત્રણ કેળાં વહેંચી શકાય તેમ નહોતા; એટલે પહેલાં મેં એક કેળું ખાઈ લીધું. પછી બાકીનાં બે રહ્યાં તેમાંથી એક બાબુને આપ્યું અને એક મેં ખાધું.’

## (2)



ગોવિંદ : 'આજે હું મારી છત્રી લેવી ભૂલી ગયો હતો.'


ઘેર આવીને ગોવિંદ પોતાની પત્ની રમાને કહ્યું.

રમા : 'તે તમને આ વાતની ખબર ક્યારે પડી ?'

ગોવિંદ : 'જ્યારે વરસાદ બંધ પડી ગયો અને એને બંધ કરવા મેં હાથ ઉપર લંબાવ્યો ત્યારે.'

## (3)

બે દોસ્તારો રસ્તા પર સાથે જતા હતા. એક દોસ્તની પાછળ એક કૂતરો ભસતો - ભસતો આવ્યો. આથી એ ઘણો જ ગભરાઈ ગયો. આ જોઈ તેનો દોસ્ત બોલ્યો : 'તને પેલી કહેવતની ખબર લાગતી નથી કે ભસતા કૂતરા કરડે નહીં.'



દોસ્ત : 'એ કહેવતની ખબર મને તો છે.

બીજો દોસ્ત : 'તો પછી ગભરાય છે શાને ?'

પહેલો દોસ્ત : 'પણ આ કૂતરાને એ કહેવતની ખબર ન હોય ને !'

મોટી બહેને સોનલને એક પ્રશ્ન કર્યો.

'મોટી બહેન : સોનલ, સૂર્ય ઊગે જ નહિ તો શું થાય ?'

'સોનલ : વીજળીનું બિલ ખૂબ જ આવે; બહેન !'

### • ટિપ્પણ

**ટોલછાપરીએ કરવેરો** (જકાત) ભરવાની ચોકીએ **છાપરું છાવા** વાંસ, ઘાસના પૂળા વગેરેથી ઝૂંપડા ઉપરનો ભાગ ઢાંકવા **ટૅક્સ** કર, વેરો, દાણ **લાધું** પૂરેપૂરું (ઠાંસીને) ભર્યું. **આડરસ્તે** અવળે રસ્તે **ફેરો ખાઈને** વધારે લંબાણવાળો રસ્તો પસંદ કરીને **ઘરેડોમાં** એકસરખા રિવાજોમાં (અહીં) કેડીઓમાં **ચકરાવા લઈ** ગોળગોળ ફરતા રહી. **મોંસૂઝણું** સામા માણસનું મોં દેખી શકાય એવો સવારનો સમય; પરોઢ **નાકાદાર** ટોલનાકા ઉપરનો અધિકારી **સેક્રેટરી** મંત્રી **પિત્રાઈ** કાકાનાં સંતાન **આવી પૂગી** આવી પહોંચી. **ઍક્સિડન્ટ** અકસ્માત **ચપરાસી** દરવાન; ચોકીદાર **કોરાણે** બાજુએ **મોરાદાબાદી પવાલામાં** ઉત્તરપ્રદેશના મોરાદાબાદ શહેરમાં બનેલા વિશિષ્ટ ઘાટવાળા પ્યાલામાં **'ટુ કપ ટી'** બે કપ ચા **મી હું નેઈ** નથી **જયહિંદ હો ગયા** હિંદુસ્તાનનો જય થઈ ગયો; હિંદ સ્વતંત્ર થઈ ગયું. **અજી !** અરે ! **ચારપાઈ** ખાટલો **લાલો** ઉત્તરભારતના પહાડી પ્રદેશમાં વેપારી માટે વપરાતો શબ્દ **દોસ્તાર,** દોસ્ત, મિત્ર, ભાઈબંધ

## ● ભાષાસજ્જતા

'ભાષા' એટલે 'વાણી'. 'વાણી' એટલે ભાષા બોલવાની આખીયે ઘટના. વ્યાકરણની ભાષામાં કહીએ તો સમગ્ર વાગ્વ્યવહાર. ભાષાનું આ એક સ્વરૂપ છે. ભાષાનું બીજું સ્વરૂપ તે 'લેખન'

લેખન એટલે ભાષાનું લિખિત સ્વરૂપ. આપણે મુખથી જે કંઈ બોલીએ છીએ તે ભાષાનું બોલાતું સ્વરૂપ છે - જેને ઉચ્ચરિત ભાષા એમ પણ કહીએ છીએ. આપણે યામિની એમ બોલીએ છીએ તે એનું ઉચ્ચરિત સ્વરૂપ છે; પરંતુ જ્યારે એને ય + આ + મ્ + ઈ + ન્ + ઈ એમ યામિની સ્વરૂપે કાગળ કે કોઈક માધ્યમ ઉપર લખીએ છીએ, તે ભાષાનું લિખિત સ્વરૂપ છે.

ગુજરાતી 'કે', હિન્દીમાં (के) એમ જુદી રીતે લખાય છે. જ્યારે બોલવામાં એકસરખું ધ્વનિનું ઉચ્ચારણ થાય છે. ભાષાના બોલાતા જીવંત સ્વરૂપથી લખાતું સ્વરૂપ નોંધપાત્ર સ્વરૂપમાં દર્શાવી શકાતું નથી. અર્થાત્ જે બોલાય છે અને જે લખાય છે તે ભાષા.

ભાષા કે ભાષાની કામગીરી માટે 'લખવું' એ અનિવાર્ય બાબત નથી. ભાષાને લિપિ હોવાથી કે ન હોવાથી ભાષાના સ્વરૂપમાં કંઈ ફેર પડતો નથી. આજે પણ ઘણીબધી ભાષાઓ માત્ર બોલાતા સ્વરૂપે જ ચાલે છે. ઘણી ભાષાઓને આજે પણ લિપિ નથી.

ભાષાનો અભ્યાસ કરવા માટે લિપિના જ્ઞાનની જરૂરિયાત છે. લિખિત ભાષાને કારણે ભાષાને સાચવી રાખવાનું શક્ય બન્યું છે. ઇતિહાસ વગેરેને જાળવી રાખવાનું ભાષા ઉત્તમ સાધન છે. એથી લેખનપદ્ધતિને કારણે માનવજાત વિકાસ કરી શકે છે.

ભાષામાં ઉચ્ચરિત સ્વરૂપ અને લિખિત સ્વરૂપ એમ બંનેનું મહત્ત્વ છે.

## ● અભ્યાસ

**1. નીચેનાં વાક્યો કોણ કોને કહે છે ?**

1. 'તુમ પહાડ કે રહનેવાલે હો ?'
2. 'ટુ કપ ટી.'
3. 'લાવ બે આના.'

**2. આ કિસ્સા-ટુચકા સાંભળ્યા પછી તમારા મનમાં કેટલાક પ્રશ્નો થશે, જે તમારા શિક્ષકને પૂછો :**

દા.ત. ટોલછાપરી એટલે શું ?

## ● સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

1. ટોલવાળા નાકાદારને બે આના ન આપવાની ગામડિયાની યુક્તિ કેમ નિષ્ફળ ગઈ ?
2. મુંબઈના રેલવે - અમલદારો તારને કેમ વાંચ્યા જ કરતા હતા ?
3. ચાની દુકાને જઈ અંગ્રેજે ખરેખર શું કહ્યું હતું ? દુકાનદાર શા માટે ગુસ્સે થઈ ગયો ?
4. લાલાની મૂંઝવણ શી હતી ? એની મૂંઝવણ પહાડીને કેમ ન સમજાઈ ?

**2. 'બીજું શું વળી' એવો પ્રયોગ પોતે જે વાત કરે છે, તેના સમર્થન માટે વપરાય છે. નીચેનાં ઉદાહરણો જુઓ અને આવાં બે વાક્યો બનાવો :**

1. પાડો એટલે ભેંસનો વર; બીજું શું વળી ?
2. ચારપાઈ એટલે ખાટલો; બીજું શું વળી ?

**3. 'ક' વિભાગમાં રૂઢિપ્રયોગ છે અને 'ખ' વિભાગમાં તેના અર્થ આડાઅવળા મૂક્યા છે. યોગ્ય જોડકાં જોડો :**

| ક | ખ |
|---|---|
| 1. પેટનો ખાડો પૂરવો | 1. કરકસર કરી જીવવું |
| 2. પેટનું પાણી ન હાલવું | 2. બીજાની છૂપી વાત જાણવી |
| 3. પેટે પાટા બાંધવા | 3. ભૂખ સંતોષવી |
| 4. પેટમાં પેસી નીકળવું | 4. ગુપ્ત વાત સાચવવી |
| | 5. કોઈ જાતની અસર ન થવી |

## ● પ્રવૃત્તિ

1. આવા બીજા કિસ્સા અને ટુચકા વર્ગ સમક્ષ કહો.
2. છાપાંઓમાં અને સામયિકોમાં આવતા ટુચકા વાંચો અને તેનો સંગ્રહ કરો.